મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

મધુર ડેરીનો ૪૮મા સ્થાપનાદિનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સ્થિત મધુર ડેરીએ તેના ૪૮મા સ્થાપના દિનની ઉજવણી " સંકલ્પ દિન" તરીકે ઉજવવા તા. ૬ ફેબ્રુઆરીના રોજ આંબેડકર હોલ, સેક્ટર ૧૧ ખાતે ખાસ સમારોહનુ આયોજન કર્યુ હતુ. જેમા દરેક દૂધ મંડળીઓના આગેવાનો, ડેરીના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ ગુજરાત રાજયના પશુપાલન નિયામકશ્રી ડૉ. કાછીઆપટેલ સાહેબ, અધિક નિયામકશ્રી ડૉ. ફાલ્ગુનિબેન ઠાકરે પશુપાલકોને સંબોધ્યા હતા અને સરકારશ્રીની પશુપાલન વિષેની યોજનાઓ અને આદર્શ પશુપાલન બાબતે ખુબ સરસ માહિતિ અને માર્ગદર્શન આપ્યા હતા.

મધુર ડેરીના ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણાએ મધુર ડેરીના તમામ સભાસદોને અભિનંદન આપતા જણાવ્યુ હતુ કે મધુર ડેરી " ગુણવત્તાયુક્ત ગાંધીનગર" ના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. પશુપાલકો, સરકાર અને ગ્રાહકને જોડતી આ સહકારી સંસ્થા પશુપાલકોને દૂધના સારા ભાવ મળે તથા ગ્રાહકોને ગુણવત્તાવાળુ દૂધ અને દૂધની બનાવટો મળી રહે તે માટે સતત સેવા પુરી પાડી રહી છે.

આગામી વર્ષોમા સરકારશ્રીના ડીઝીટલ ઇન્ડીયા, વાઇબ્રન્ટ ગુજરાત તેમજ સ્વચ્છતા મિશનના ભાગરૂપે મધુર ડેરી પણ " ગુણવત્તા" ને અગ્રીમતા આપી વધુ ને વધુ પશુપાલકોને જોડી તેમની આવક વધારવા તેમજ દૂધાળા પશુઓની સારવાર અને સ્વાસ્થ્યમા સુધારો કરી " ડેરી વ્યવસાય" ને વધુ મજબુત કરવા મધુર ડેરી અડિખમ સંકલ્પ સાથે પ્રયત્નશીલ રહેશે તે સંકલ્પની પણ રજુઆત કરી હતી. પ્રથમ વખત મધુર ડેરીના આ કાર્યક્રમને સોસિયલ મીડીયામા લાઇવ કરવામા આવ્યો હતો.

શહેરમાં વધતી ગુનાખોરી સામે પોલીસ કુંભકર્ણ નિંદ્રામાં...! : શહેરી વસાહત મંડળ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન ગંભીર પ્રકારની ગુનાખોરી વધતી જાય છે. પ્રજાની કોઈ સલામતી નથી. વયસ્કોની કોઈ સલામતી નથી. જયાંથી સમગ્ર રાજયનો વહીવટ થાય છે ત્યાં જ સલામતી બૂમરેંગ સાબિત થતી જાય છે. લૂંટફાટ, અકસ્માત, વહેલી સવારે સિનિયર સિટીઝનનો મંદિરે, મંગળા આરતીનો લાભ લેવા વૃદ્ધ માતાઓ જાય છે ત્યારે હેરાનગતિ થાય છે.

સેકટરો-જાહેર રોડ તથા આંતરિક રસ્તાઓ પર સઘન પેટ્રોલીંગ કરવું. મુખ્ય પ્રવેશ દ્વાર સર્કરો પર પોલીસ ચોકી ચાલુ કરવી. ઝાડીઓમાં રહેતા નાગરિકોની તપાસ કરવી. પ્રજાને લોક દરબારો ભરી જાણકારી આપવી. નાગરિક સલામતી દળ બનાવવું જોઈએ. શાળાઓ, સરકારી કચેરીઓ છૂટતી વખતે ટ્રાફિક પોઈન્ટ બનાવવા, વીવીઆઈપી સલામતી માટે અલગ તંત્ર રાખવું. મહાનગર પાલિકાની વોર્ડ પ્રમાણે નવી પોલીસ ચોકી શરુ કરવી. શટલિયા જીપોની ગતિ મર્યાદા જાળવવી. ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવી તેમ ગાંધીનગર શહેત વસાહત મહાસંઘે સરકારમાં રજૂઆત કરી છે... તેમ પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું.

વાતવાતમાં

● ગાંધીનગરના નવા સેક્ટરોની સોસાયટીઓના આંતરિક માર્ગોનું નવિનીકરણ હાથ ધરવામાં આવનાર છે. માર્ગોના નવિનીકરણ કાર્યના પગલે હાલ આંતરિક માર્ગોની સફાઈનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

● ગાંધીનગરમાં મંગળવારે પણ લગ્નસમારંભોની ભરમાર જોવા મળી હતી. ગાંધીનગર-અમદાવાદને જોડતા માર્ગો તેમજ સરદાર પટેલ રીંગ રોડ પરના મોટા ભાગના સર્કલો પર લગ્ન સમારંભોના પગલે સાંજના સમયે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા

● બુધવારથી સેક્ટર-૧૭માં એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતે પ્રારંભ થઈ રહેલ પ્લાસ્ટ ઈન્ડિયા એક્સ્પોના પ્રારંભ પ્રસંગે જાણીતા કથાકાર ભાઈજી રમેશભાઈ ઓઝા ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે. ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા કેન્દ્રિય મંત્રી સુરેશ પ્રભુ ઉપસ્થિત રહેનાર છે.

સ્વર્ણિમ સ્ટાટઅપ અને ઈનોવેશન યુનિવર્સીટીમાં યોજાયો 'ડિપ્રેશન અને આપઘાત નિવારણ' ઉપર સેમિનાર

ગાંધીનગર, તા. ૬

'ડીપ્રેશન અને આપઘાત નિવારણ' વિશે સ્વર્ણિમ સ્ટાટઅપ અને ઇનોવેશન યુનિવર્સીટી , ગાંધીનગર ખાતે તા . ૧/૦૨/૨૦૧૮ થી ૬/૦૨/૨૦૧૮ ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનાર નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર અને ડીપાર્ટમેન્ટ ઓફ સાયકાસ્ટ્રીટ, જી.એમ.ઈ.આર.એસ. ગાંધીનગર ના હેઠળ યોજાયેલ છે. એન્જિયરિંગ, ફાર્મસી, ડીઝાઈન, આર્કિટેક, હોમીઓપેથી અને ફીઝ્યોથેરાપીના ૯૦૦ થી વધારે વિધાર્થીઓ ભાગ લેશે.

આ સેમિનારનો હેતુ લોકોને ડીપ્રેસન અંગે વિસ્તૃત જાણકારી આપી તેમને સજાગ કરવાનો છે જે આજના સમયમાં આખા વિશ્વમાં (ભારત સહિત) મોટામાં મોટો વિષય છે.

આ સેમિનાર થકી તેઓ પોતાના ઘરના સભ્યો, મિત્રો અને સમાજમાં ડીપ્રેસન અંગેની જાગૃતતા ફેલાવીને તેમને મદદ કરી શકશે .

આ સેમિનાર બે સેશનમાં વહેચવામાં આવેલ છે. પહેલા સેશનમાં ડો . ચિંતન સોલંકી, હેડ ઓફ ડીપાર્ટમેન્ટ સાયકાસ્ટ્રીટ, જી.એમ.ઈ.આર.એસ. ગાંધીનગરએ ડીપ્રેશન એના ચિહનો , ઉદેશ અને નિવારણ વિશે જણાવ્યું . એમણે વધારામા સામાજીક રીલેશનશીપ અને તેમાં ઉત્પન્ન થતા ડીપ્રેશન ઈશ્યુ વિશે પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

બીજા સેશનમાં ડો. દેવાંગી સોની (કલીનીકલ સાયકોલોજીસ્ટ) એ તાજેતરમાં વિધાર્થીઓ અને યુવાનોમાં વધી રહેલ આપઘાતના આંકડાઓ સાથે કિસ્સાઓ તેના કારણો અને નિવારણના ઘણા એવા મુદ્દાઓની ચર્ચા કરેલ જે ભવીષ્યમાં ઉત્પન્ન થતા આવા સંજોગોના નિવારણ માટે ખુબ જ ઉપયોગી થઈ શકે એમ છે જેના વિષે વિસ્તૃત માહિતી આપેલ છે.

ચંદ્રાલા ખાતે પ્રાકૃતિક ચિકિત્સા સારવાર કેમ્પ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા સ્થિત ઉમા સંસ્કાર તીર્થ ખાતે બેતાલીસ-ચોર્યાશી કડવા પાટીદાર સમાજ આયોજિત ૨૭મા સમૂહલગ્નોત્સવ પ્રસંગે નીમા ફાઉન્ડેશન તથા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના ઉપક્રમે સર્વાંગી પ્રાકૃતિક ચિકિત્સા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિથી સાંધાના દુઃખાવા તથા અન્ય જટિલ રોગોની સારવારની કુદરતી ઉપચારોની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત નીમા ફાઉન્ડેશનના ટ્રસ્ટ મંડળના પ્રતિનિધિઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં કડવા પાટીદારો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપના યુવા અગ્રણીની નગરપાલિકામાં ઈન્ચાર્જ તરીકે વરણી

ગાંધીનગર, તા.૬

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા ગુજરાત પ્રદેશ દ્વારા ગાંધીનગરના ભાજપના યુવા અગ્રણી ધવલ દવેની તાજેતરની નગરપાલિકાની ચૂંટણીઓમાં હારિજ નગરપાલિકાના ઈન્ચાર્જ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ધવલ દવે આ પહેલા ભાજપમાં સંગઠન મહામંત્રી તરીકેની જવાબદારી સંભાળી ચૂક્યા છે. તેઓની સંગઠનમાં યુવા તરીકે સારી કામગીરી છે, જેની પ્રદેશ દ્વારા નોંધ લેવામાં આવી છે.

પરંપરાગત માહોલ - શહેરની પ્રતિષ્ઠિત ચૌધરી મહિલા કોલેજ ખાતે ટ્રેડીશનલ-ડેની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીનીઓ પરંપરાગત ગુજરાતી, પંજાબી, મરાઠી અને રાજસ્થાની સાડી પરિધાન કરી કૉલેજ કેમ્પસમાં ગરબે ઘુમી હતી... ગુજરાતની વિશિષ્ટતા છે કે, ઉજવણી કોઈપણ હોય પણ ગરબો હોય, હોય ને હોય જ.... આજકાલ કોલેજ કેમ્પસ ઉજવણીના માહોલથી છલોછલ રહે છે... વિવિધ પ્રકારની ઉજવણી ચાલી રહી છે...

'સ્મરણસભા' થકી કવિ સ્વ. નિરંજન ભગતને સ્મરણાંજલિ અપાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સે. ૨૮ ખાતેની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આજે ગુજરાતી ભાષાના વિદ્વાન કવિ સ્વ. નિરંજન ભગતને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ 'સ્મરણ સભા' યોજાયો હતો. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર અને મહારાજા કૃષ્ણકુમાર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. મહેન્દ્રસિંહ પરમારે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કવિ સ્વ. નિરંજન ભગતના વ્યક્તિત્વ પરિચય કરાવવા સાથે તેમના સંસ્મરણોને વાગોળ્યાં હતા. 'સ્મરણસભા'ના અધ્યક્ષ કોલેજના આચાર્ય રૂચાબેન બ્રહ્મભટ્ટે ડૉ. મહેન્દ્રસિંહ પરમારને આવકાર્યા બાદ ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. દીપક પંડ્યાએ કવિ સ્વ. નિરંજન ભગતની કાવ્યરચનાનું પઠન કરી ડૉ. મહેન્દ્રસિંહનો પરિચય કરાવ્યો હતો. ડૉ. મહેન્દ્રસિંહે સ્વ. નિરંજન ભગત સાથેના તેમના સંસ્મરણોને યાદ કરવા સાથે તેમના વ્યક્તિત્વ અંગે રસપ્રદ માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમના સમાપને ગુજરાતી વિભાગના અધ્યાપક અને ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાધ્યાય પીઠ મંત્રી ડૉ. સમીર ભટ્ટે એક કવિને છાજે તે રીતે સ્મરણાંજલિને બિરદાવી આભાર દર્શન વ્યક્ત કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના અધ્યાપક વૈભવ કોઠારીએ કર્યુ હતુ. આ પ્રસંગે કવિ સ્વ. નિરંજન ભગત ગાંધીનગર ખાતેની ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તૈયાર કરાયેલ ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ પ્રદર્શિત કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમ વિદ્વાન કવિને છાજે તે રીતે યાદગાર સંભારણા સમાન બની રહ્યો હતો.

સેક્ટર-૨૨ના વૃદ્ધનું ચક્ષુદાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૨૨માં રહેતા સ્વ. પુરુષોત્તમ નાનજીભાઈ ઠક્કરનું ૭૯ વર્ષની વયે હૃદયરોગનો હુમલો થવાથી મૃત્યુ થતાં તેમના કુટુંબીજનોની સંમતિથી ચક્ષુદાન લેવામાં આવ્યું હતું.જુનિયર સિટિઝન કાઉન્સિલના કાર્યકર દિલીપ દંતાણી અને હિતેષ રાવલે ડૉ. મેઘા તથા ડૉ. મુસફાની મદદથી આ સેવાકાર્ય કર્યું હતું. સ્વર્ગસ્થના ચક્ષુઓને જેસંગ ઠાકોર દ્વારા અમદાવાદ ચક્ષુ બેંક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા.

મોટા ચિલોડા ખાતે બ્રહ્માકુમારીઝનાં નવનિર્મિત જગદંબા ભવનનો ભવ્ય ઉદઘાટન સમારોહ

ગાંધીનગર, તા. ૬

મોટા ચિલોડા ચારરસ્તા પર આકાર પામેલ બ્રહ્માકુમારીઝનાં નવનિર્મિત 'જગદંબા ભવન'નું બ્રહ્માકુમારીઝનાં સહ મુખ્યપ્રશાસિકા રાજયોગિની રતનમોહિની દાદીજી દ્વારા સંસ્થાનાં મહાસચિવ રાજયોગી ભ્રાતા બી.કે.નીર્વૈરભાઈ, ડીઆઈજી સીઆરપીએફ રાજેશ ઢકરવાલ, ઈન્દ્રાણી મેડમ, બ્રહ્માકુમારીઝ મહિલા પ્રભાગના રાષ્ટ્રિય સંયોજિકા બી.કે.શારદાબેન, યુવા પ્રભાગના રાષ્ટ્રિય સંયોજિકા બી.કે.ચન્દ્રિકાબેન, ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા કૈલાશ દીદીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

ઉદઘાટન ફંક્શન સ્થળ ઓમ લેન્ડમાર્ક એજ્યુકેશન કેમ્પસ ખાતે રાખેલ..જેમાં આયોજિત સાંસ્કૃતિક માં ગાંધીનગરનાં બ્લ્યુ બબલ એકેડેમીનાં ૩૨ જેટલા કલાકારો એ ભ્રાતા કશ્યપભાઈ નિમાવતનાં નિર્દેશન તળે ગણેશ વંદના, સ્વાગત ગીત, ગરબા રાસ અને નૃત્ય નાટિકા જેવી વિવિધ કૃતિઓ રજુ કરી સૌના મન મોહી લીધા હતાં. સાથે સાથે બ્રહ્માકુમારીઝ, માઉન્ટ આબુથી પધારેલ મધુરવાણી ગ્રુપનાં બ્રહ્માકુમાર સતીશભાઈ,નિતીનભાઈ અને ગોવિંદભાઈએ પણ વિવિધ આધ્યાત્મિક ગીતોની રસલ્હાણ કરાવેલ.. જ્યારે સ્ટેજ ફંક્શનમાં મહેમાનોનું પુષ્પો દ્વારા સ્વાગત, ગીત દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.તારાબેને શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સેવાકેન્દ્રનાં ૩૦માં વાર્ષિકોત્સવ નિમિત્તે કેક કટિંગ, નવનિર્મિત જગદંબા ભવનનાં ઉદઘાટન પ્રસંગે મન મંચાસીન મહેમાનો અને કેન્ડલ લાઈટીન્ગનાં ૬૦ જેટલા આમંત્રિત મહેમાનો દ્વારા ભવ્ય કેન્ડલ લાઈટીન્ગ કરવામાં આવેલ.આ પ્રસંગે રાજયોગિની રતનમોહિની દાદીજી.,રાજયોગી બી.કે.નીર્વૈરભાઈનું શહેરની સંસ્થાઓ દ્વારા મોમેંટો ભેટ કરી સન્માન કરવામાં આવેલ. બી.કે.શારદાબેન ના પ્રાસંગિક પ્રવચન અને બી.કે.ચન્દ્રિકાબેનના યોગાભ્યાસ થી આમંત્રિત મહેમાનો ખુબ પ્રભાવિત થયેલ. કાર્યક્રમનો સ્કૂલના ૭૦૦ બાળકો મળી આશરે ૩,૦૦૦ જેટલા ભાઈ બહેનો એ લાભ લીધેલ. કાર્યક્રમ બાદ રાખવામાં આવેલ બ્રહ્માભોજન પણ સૌ ખૂબ જ પ્રમથી સ્વીકાર કરી હતી.

ઈન્ફોસિટી સ્કૂલ સરગાસણ એજ્યુકેશન ફેરની મુલાકાતે

ગાંધીનગર, તા. ૬

ઈન્ફોસિટી સ્કૂલ સરગાસણના વિદ્યાર્થીઓ અમદાવાદમાં યોજાયેલ એજ્યુકેશન ફેરની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ કેવી રીતે અભ્યાસક્રમની તૈયારી કરવી. ધોરણ-૧૦-૧૨ પછીના વિવિધ અભ્યાસક્રમો વિશેના સેમિનારમાં હાજરી આપી હતી.

વિવિધ યુનિવર્સિટીઓના ચાલતા અભ્યાસક્રમો તથા ઉચ્ચ પદવી, વિદેશ જવા અભ્યાસક્રમો ઈચ્છતા વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી માહિતી મેળવી હતી.

ચિરવિદાય

- સ્વ. દીવાબેન વેણીભાઈ પટેલ, ઉ.વ.૭૨
- સ્વ. કાળાજી ખોડાજી નાયક, ઉ.વ. ૭૮